# ગઝલ

## નરેશ સોલંકી

**.1.**

હોય છે, એવાંય  સગપણ  હોય  છે,
ગીત નહીં; પણ માત્ર ગણગણ હોય છે.

એક સરખી  કોઈને પળ ના મળી,
સુર્યની પણ એ જ સમજણ હોય છે.

સુખ અને દુ:ખ એ જ સૌને આપતા,
જેમને, જેનાથી વળગણ હોય છે.

કેટલી ઉંમર થઈ એ ગૌણ છે,
જીવવાનો થાક ઘડપણ હોય છે.

એ બધામાંથી જ તું પણ એક છે,
આજનું છાપુંય દર્પણ હોય છે.

**.2.**

જન્માંતરથી ભેદભરમ છે, માણસ માણસ વચ્ચે;
વાદળછાયા પ્રશ્ન નરમ છે, માણસ માણસ વચ્ચે.

પાણી જેવી શાંત દશા પણ પ્રગટે વરાળ થઈને,
અકળાયેલો કુંડ ગરમ છે, માણસ માણસ વચ્ચે.

પીડ પરાઈ બીજા જણની ક્યાંક કોઈને કનડે,
વૈષ્ણવજનનો કોઈ ધરમ છે, માણસ માણસ વચ્ચે.

ભીંતો, ભીંતો કેવળ ભીંતો એકમેકની આડે,
શાને શેની શેહશરમ છે, માણસ માણસ વચ્ચે.

કુબેર જેવી મુડી મબલક, કોઈ રહે ના નીર્ધન;
ધરબાયેલું ક્યાંક પરમ છે, માણસ માણસ વચ્ચે.

## .3.

કંકરથી કૈલાસ લગી છે, રામ ચદરીયા ઝીની,
રક્તકણોમાં એ જ વણી છે, રામ ચદરીયા ઝીની.

ગ્રહ-નક્ષત્રો સુરજ–ચંદ્ર ને કેટકેટલું સીવે,
તારલીયાની ભાત બની છે, રામ ચદરીયા ઝીની.

ઘુંટ ભરીને પુર્ણ ઝુમે છે, જ્યોત ગગનને છાંયે,
એ મુરશીદને હાથવગી છે, રામ ચદરીયા ઝીની.

પ્રેમ પદારથ ઘુંટી-ઘુંટી ઘુંટ પીવડાવે ઘેરું,
પીયુજીને સંગ ચડી છે, રામ ચદરીયા જીની.

મરું મરું નહીં એમ મરું છું, મરવું મરે છે મારું;
બજાર વચ્ચે ગાઈ રહી છે, રામ ચદરીયા ઝીની.

## .4.

વડ સમું ઉગેલ લીલું થડ છીએ,
આવ, શીતળ ચંદ્ર જેવું પડ છીએ.

જે જુએ એ નોંધ લૈ ચાલ્યું ગયું,
આ સમયના કાચ મધ્યે તડ છીએ.

હું પુરાતન યુગનો ઝળહળ સમય,
હા, પરંતુ આજ ગઢ પર ખડ છીએ.

કૈ ખરું ના હાથ લાગ્યું અવસરે,
માત્ર ટોળાની જ સૌ ચડભડ છીએ.

કોઈની ઓળખ મળી નૈ શ્હેરમાં,
ફોટામાં આવેલ ખાલી ધડ છીએ.

કોઈ પ્હેરીને મને ફરશે નહીં,
વસ્ત્રમાં વાળેલ જુની ગડ છીએ.

## .5.

અજવાળાં ને અંધારાંની પંચાયતમાં બેઠો છું,
કેદ થયેલા રંગો વચ્ચે અટકાયતમાં  બેઠો છું.

શું સાચું શું ખોટું છે એ દ્વીધાના સૌ કાગળ લઈ,
બે દેશોની સરહદ વચ્ચે શરણાગતમાં બેઠો છું.

જીવ સટોસટ ખેલ ખેલતી આખી પેઢી સ્મીત કરે,
ચ્હેરામ્હોરાં મેંય પીછાણ્યાં પારંગતમાં બેઠો છું.

અમેય થોડું મઘમઘ થઈને, બે પળ માટે જીવી લઈ;
ફુલો સામે આંખ નમાવી, અભ્યાગતમાં બેઠો છું.

કૈ લડતનો વારસ અમને હુક્મ કરે છે, જાણ નથી,
પાયદળ જ્યાં હલાલ થાતું, એ પંગતમાં બેઠો છું.

## .6.

રાહ જોઈને સમજણ છેવટ તળીયે બેઠી,
ત્રાંસી ત્રાંસી થઈને વાંછટ તળીયે બેઠી.

તોફાનોમાં સૌની સાચી ખબર પડે છે,
માછલીઓની સઘળી છટપટ તળીયે બેઠી.

ભલે તમે ઢંઢોળો અથવા શોધો એને,
ઉંમર સાથે સઘળી રમઝટ તળીયે બેઠી.

પતંગીયું થઈ ઉડ્યા કરતી અજવાળામાં,
બંધ ઘરની રજકણ નટખટ તળીયે બેઠી.

ઉંઘ નામની દીવી છેવટ સળગી ગઈ છે,
પલકારાની ભીની પટપટ તળીયે બેઠી.

ગતી હતી; પણ દરીયે ભળતાં શાંત પડી ગઈ,
તરસ નદીની જાણે ઝટપટ તળીયે બેઠી.

## .7.

ફુલોની જેમ ઉગશે જ્યારે સવાર દોસ્ત,
ઝાકળ બનીને તુટશે તારો પ્રહાર, દોસ્ત.

સપનું ભલેને હોય એ ફાટેલા વસ્ત્રનું,
તારી સુગંધ ભરી છે એમાં તારતાર, દોસ્ત.

મારો દરેક શબ્દ પછી ઝળહળી જશે,
શોધી રહ્યો છું એટલે હું ધારદાર, દોસ્ત.

બીડીની જેમ ફુંકતા સાથે સમયની મોજ,
છાતીમાં એકમેક થયા આરપાર, દોસ્ત.

કાગળની જેમ હોઉં છું કોરોકટાક હું,
ઉર્દુના શેર જેમ ભરે છે વીચાર, દોસ્ત.

## .8.

કબુતરની માફક ન પાછા ફરે છે,
તડીપાર દીવસો હવામાં તરે છે.

મને કાષ્ઠ જેવો ગણી કોતરે છે,
ને ઋજુ જગામાં એ પથ્થર ભરે છે.

બદલતી પળેપળથી થાકી ગયો છું,
અરીસોય મારો તફાવત કરે છે.

મને બોમ્બ ફુટ્યાનો થાતો અનુભવ,
કદી ક્યાંય નીર્દોષ દીવો ઠરે છે.

નગરની ઈમારત જો હાંફે ચડી છે,
બધે શુન્યતાના જ પોડા ખરે છે.

## .9.

આવીને ધોધમાર, તું વરસી શકે તો આવ;
ને આગીયાના તેજથી, ફફડી શકે તો આવ.

જંગલમાં એક પાંદડું હલતું નથી તો શું,
એ મારું ઘર છે તું અહીં, ફરકી શકે તો આવ.

મારા વીશે મેં મોટા વીચારો ઘડેલ છે,
પત્તાનો હુંય મ્હેલ છું, અડકી શકે તો આવ.

મારા આ અંધકારમાં ઉડે છે વીજળી,
મોતીની જેમ દોરમાં, સરકી શકે તો આવ.

જર્જર છું કૈંક વર્ષથી મારા વીચારમાં,
મારામાં તું લીકેજ થઈ, ટપકી શકે તો આવ.

ચારેતરફ ક્ષીતીજ, કીનારો નહીં મળે;
દરીયાની મધ્યમાં છું, તું અટકી શકે તો આવ.

## .10.

ખળખળ વ્હેતો કાયમ શોધું કલરવ કલરવ,
સન્નાટાની ભીંતે દોરું કલરવ કલરવ.

અંદર અંદર વાત કરે છે જાણે ફુલો,
પહેરેલું હો સુંદર મ્હોરું કલરવ કલરવ.

વૃક્ષ ઉપાડી ઘરમાં દોડે પવન અડીખમ,
સવાર પડતાં આવ્યુ ટોળું કલરવ કલરવ.

શોર અને કલશોર : કહો શું તર્ક કરીશું?
એ શું જાણે સાચું – ખોટું કલરવ કલરવ.

નીત્ય અનુપમ રાગ નીરંતર આલાપે છે,
મુરલીધરનું એક જ છોગું કલરવ કલરવ.

## .11.

લગની અને લગાવથી, તું દુર થઈ જશે,
ત્યારે બધા અભાવથી, તું દુર થઈ જશે.

સુખદુ:ખના પ્રભાવથી, તું દુર થઈ જશે,
મનના બધા સ્વભાવથી, તું દુર થઈ જશે.

માણસ મટીને થઈ જશે, તું બંધ ઓરડો;
સ્મરણની આવજાવથી, તું દુર થઈ જશે.

મળશે તનેય વૃક્ષની સંજ્ઞા લીલાશથી,
ચ્હેરાના હાવભાવથી, તું દુર થઈ જશે.

એવી રીતે એ આવીને અડશે તને જરા,
દુનીયાના સૌ વીભાવથી, તું દુર થઈ જશે.

## .12.

સમણાંઓનું સરવર રંગી ઝાડ કહે છે, આવો મળવા,
કલરવની પણ ક્યાં છે તંગી ઝાડ કહે છે, આવો મળવા.

કોમળ કોમળ હાથ ફેરવે જ્યોત કરે છે દીલની અંદર,
એકલતાનું એક જ સંગી ઝાડ કહે છે, આવો મળવા.

છાંય તળે હો ધબકારા કે હોય ભલેને કુહાડાઓ,
એ તો કેવળ છે સત્સંગી ઝાડ કહે છે, આવો મળવા.

બધી ડાળથી મબલક વેચે, જાત સદંતર ખર્ચી નાખે;
મુળ અંદર છે રોકડ જંગી ઝાડ કહે છે, આવો મળવા.

એક કવીએ ખબર પુછી, તો ઠુંઠામાંથી જંગલ ઉગ્યું,

જાત ફરીથી થઈ ગઈ ચંગી ઝાડ કહે છે, આવો મળવા.

**નરેશ સોલંકી**

@@@

## કવીસમ્પર્ક:


**નરેશ સોલંકી**

મવડી પોલીસ હેડક્વાર્ટર્સ, બ્લોક નં. B/4 ક્વાર્ટર નં. 40, નાના મવા રોડ, રાજકોટ
Mobile -83206 48700
eMail: nareshsolanki171@gmail.com


એમ.એ. થયેલા અને હાલ પોલીસ કૉન્સ્ટેબલ તરીકે રાજકોટમાં સેવા બજાવતા આ કવીએ, 'અમૃત ઘાયલની ગઝલો : એક અધ્યયન' વીષયક ગ્રંથ લખી, પી.એચડી.ની પદવી મેળવી છે.. આપણ સૌ તરફથી એમને ખુબ ખુબ અભીનન્દન.. ..ઉ.મ..

@@@@@


'સન્ડે ઈ.મહેફીલ'ના આ અંકના અતીથી સમ્પાદકો, સુરતના યુવા ગઝલકારો ભાઈ

શ્રી ગૌરાંગ ઠાકર – (gaurang_charu@yahoo.com) અને

ભાઈ શ્રી સુનીલ શાહ (sunilshah101@gmail.com)નો ખુબ ખુબ આભાર..

..ઉ.મ..


@@@@@


'સન્ડે ઈ.મહેફીલ' - વર્ષ : **સોળમું** - અંક : 454 - June 07, 2020

'ઉંઝાજોડણી'માં : અક્ષરાંકન સુનીલ શાહ - sunilshah101@gmail.com


@@@@@

**Download Earlier SeMs :**

https://www.gujaratilexicon.com/gujarati-literature-ebooks/sundayemahefil/

@@@@@

Have you ever visited : http://www.gujaratilexicon.com ?

More than 3,85,86,000 Gujarati Language lovers have visited
http://www.gujaratilexicon.com

More than 1,65,38,000 have visited Digital Bhagwadgomandal
http://www.bhagwadgomandal.com

More than 11,20,000 have visited Lokkosh
http://lokkosh.gujaratilexicon.com

More than 13,39,000 have visited Global-Gujaratilexicon
http://global.gujaratilexicon.com

@@@@@

ગુજરાતી ભાષાની આવી, સર્જાયેલી અને સર્જાતી, પ્રશીષ્ટ–જીવનપોષક કૃતીઓ વાંચવાનો શોખ અને અવકાશ હોય તો, તમારું પુરું નામ, આઈડી, સરનામું, કૉન્ટેક્ટ નંબર.. વગેરે માહીતી લખી અમને ઈ.મેલ લખજો..

તમને પણ અમારી આ 'સન્ડે ઈ.મહેફીલ', દર પંદર દીવસે એક મેલ સાથે આમ, પીડીએફરુપે મળતી રહેશે..

–ઉત્તમ ગજ્જર - uttamgajjar@gmail.com અને

–મૈત્રી શાહ - maitri@gujaratilexicon.com

@@@@@@@@@

454.GAZAL-NARESH_SOLANKI-SeM-2020-06-07